શિશુપાલવધ મહાકાવ્ય - 'પ્રાકૃતિક નિરૂપણ દ્વારા પર્યાવરણીય સંરક્ષણનો બોધ'

Kush Dharmeshbhai Joshi
Research Scholar Of -
Veer Narmand South Gujarat University, Surat
8490934277
Email:- jkush258@gmail.com

Dr.Punitaben B. Patel
S. B. Garda College (Arts) and P. K. Patel College Of Commerce, Navsari

સારાંશ :-

મહાકવિ માઘ વિરચિત 'શિશુપાલવધ' મહાકાવ્યમાં પ્રાકૃતિક વર્ણનોથી માહિતગાર થનારા પ્રત્યેક માનવોને પર્યાવરણીય સંરક્ષણનો બોધ અનેક જગ્યાએથી અવશ્ય પ્રાપ્ત થાય છે. પ્રસ્તુત શોધપત્રમાં આ મહાકાવ્યને આધારે વર્ણિત પ્રકૃતિ વર્ણન પર વ્યાપક સંશોધન કરવામાં આવ્યું છે. શિશુપાલવધ મહાકાવ્યમાં કૈલાશ, ત્રિકૂટ, ગોવર્ધન, મંદરાચલ, સુમેરુ, રૈવતક (ગિરનાર) જેવા પર્વતો, યમુના, ગંગા જેવી નદીઓ, ઋતુ વર્ણન, પ્રભાતવર્ણન, સંધ્યાવર્ણન, સમુદ્રવર્ણન જેવા વિવિધ વિષયો ઉપર વર્ણન કરીને વાચકોને પર્યાવરણીય સંરક્ષણના બોધથી માહિતગાર બનાવવાનો પ્રયત્ન આ શોધપત્ર દ્વારા કરવામાં આવેલ છે. શિશુપાલવધ મહાકાવ્યના સમય અનુસાર પ્રસ્તુત લેખમાં નદીઓ, પર્વતો, ઋતુઓ, પ્રાતઃકાળ, સંધ્યાકાળ તથા રત્નાકરનું મનમોહક પ્રાકૃતિક વર્ણન સાહિત્ય રસિકોને જરૂરથી જ્ઞાનવર્ધક બની રહેશે તથા આવી સુંદર પ્રકૃતિના રક્ષણ માટેના સંકલ્પની પ્રેરણા પ્રાપ્ત થશે.

પ્રસ્તાવના:-

સંસ્કૃત સાહિત્યમાં પંચમહાકાવ્યોની અંતર્ગત બૃહત્રયીમાં મહાકવિ ભારવિનું 'किरातार्जुनीयम्', મહાકવિ માઘનું 'शिशुपालवधम्' તથા મહાકવિ શ્રીહર્ષનું 'नैषधीयचरितम्' – આ ત્રણ મહાકાવ્યો પ્રતિષ્ઠિત છે. બૃહત્રયીમાં મહાકવિ માઘનું 'शिशुपालवधम्' મધ્યમણિના રૂપમાં વિદ્યમાન છે. પ્રસ્તુત મહાકાવ્યના પ્રથમ નવ સર્ગોમાં જ સંસ્કૃત ભાષાનો આખો શબ્દકોશ ઠલવાઈ ગયો છે. કહેવાયું છે કે – 'नवसर्गगते माघे नवशब्दो न विद्यते' | 1

આ મહાકાવ્ય દ્વારા મહાકવિ માઘે મહાકવિઓના મદનો વધ કર્યો છે. 'काव्येषु माघः', 'मेघे माघे गतं वयः' જેવી સહૃદયોક્તિઓ આ મહાકાવ્યની શ્રેષ્ઠતા ઉદ્ઘોષ કરી રહી છે. શિશુપાલવધ મહાકાવ્યનું કથાનક અંશતઃ વિષ્ણુપુરાણ, શ્રીમદ્ભગવદ્ગીતા અને વધારે માત્રામાં મહાભારતાશ્રિત છે. એટલે આમાં થોડો પણ સંદેહ નથી કે આ મહાકાવ્યનો સમય વિષ્ણુપુરાણ, શ્રીમદ્ભગવદ્ગીતા તથા મહાભારતના સમાજથી જરૂર સમાન હોઈ શકે છે, પરંતુ આ મહાકાવ્યના કર્તા માઘનો સમય સાતમી સદીની લગભગ છે. એટલા માટે આમાં વધારે પડતું ચિત્રણ તત્કાલીન સમયનું જ પ્રાપ્ત થશે.

1. शिशुपालवधरहस्यम्, પૃ.સં. 8

શિશુપાલવધ મહાકાવ્યમાં પ્રાકૃતિક વર્ણન:-

નદીઓ અને પર્વતો આપણને પ્રકૃતિ તરફથી મળેલી અમૂલ્ય ભેટ છે. જેનું સર્જન માણસે નથી કર્યું તેમને આપણા કુદરતી વારસા તરીકે પણ ઓળખવામાં આવે છે. શિશુપાલવધ મહાકાવ્યમાં મહાકવિ માઘે ભારતની પ્રકૃતિનું વિસ્તૃત વર્ણન કર્યું છે. જેમાં પર્વતો અને નદીઓનું પ્રાકૃતિક વર્ણન મનોહર છે. શિશુપાલવધ મહાકાવ્યમાં રૈવતક (ગિરનાર), હિમાલય, કૈલાશ, સુમેરુ, મંદરાચલ, વિંધ્ય, સહ્ય, ત્રિકૂટ, નીલગિરિ, મલયાચલ, ગોવર્ધન તથા લોકાલોક જેવા પર્વતોની ચર્ચા કરવામાં આવી છે. સાથે ગંગા, યમુના જેવી નદીઓનું વર્ણન પણ વિશેષરૂપથી મળે છે. ઋતુઓ, પ્રભાત, સંધ્યા તથા સમુદ્રનું વર્ણન પણ વિશેષરૂપે પ્રાપ્ત થાય છે.

હિમાલયપર્વત:-

પ્રાચીનકાળમાં હિમાલય પર્વત હિમવાન, હિમાદ્રિ, હૈમવન, પર્વતરાજ, નગાધિરાજ, ધરાધરેન્દ્ર જેવા નામોથી વિશ્રુત હતો. પર્યાવરણના સંરક્ષણમાં હિમાલય પર્વતની ઘણી ઉપયોગીતા છે. મહાકવિ માઘે શિશુપાલવધના 'કૃષ્ણ નારદ સંભાષણ' નામના પ્રથમ સર્ગમાં નારદમુનિની શોભાનું વર્ણન પર્વતરાજ હિમાલય જેવું બતાવ્યું છે. હિમાલય પર્વત પર હંમેશા કમળના ફૂલો ખીલેલા રહે છે, તે શરદઋતુના ચંદ્રમાની કિરણોની સમાન ગૌર વર્ણનો છે તથા તેની બરફીલી જગ્યાઓ પર વિવિધ પ્રકારની લતાઓ ઉગેલ છે.

दधानमम्भोरुहकेसरद्युतीर्जटाः शरच्चन्द्रमरीचिरोचिषम् ।
विपाकपिङ्गास्तुहिनस्थलीरुहो धराधरेन्द्रं व्रततीततीरिव ॥1

કૈલાશપર્વત:-

કૈલાશપર્વત હિમાલયના મધ્યભાગમાં સ્થિત છે. આ પર્વત પર ભગવાન શિવ તથા પાર્વતીમાતાનું નિવાસ સ્થાન છે. સિંધુ, સતલજ, બ્રહ્મપુત્ર નદીઓનું ઉદ્ગમ કૈલાસ પર્વતથી થાય છે. લંકાધિપતિ રાવણે કૈલાસ પર્વતને એક વાર પોતાના ઉપર ઉપાડી લીધો હતો.

समुत्क्षिपन्यः पृथिवीभृतां वरं वरप्रदानस्य चकार शूलिनः । 2

1. शिशुपालवधम्, 1/5
2. शिशुपालवधम्, 1/50

ત્રિકૂટ પર્વત:-

માઘે 'મંત્રવર્ણ' નામના બીજા સર્ગમાં ત્રિકૂટ પર્વતનું વર્ણન કર્યું છે. ત્રિકૂટ પર્વત પર સિંહ નિવાસ કરે છે.

तैरूहे केसरीक्रान्तत्रिकूटशिखरोपमा । 1

ગોવર્ધન પર્વત:-

માઘે 'પુરી પ્રસ્થાન' નામના ત્રીજા સર્ગમાં ગોવર્ધન પર્વતનું વર્ણન કર્યું છે. ગોવર્ધન પર્વત રંગબિરંગી ધાતુઓ તથા શિલાઓથી યુક્ત છે.

अनेकधातुच्छुरिताश्मराशेर्गोवर्धनस्याकृतिरन्वकारि । 2

મંદરાચલ પર્વત:-

માઘ ત્રીજા સર્ગમાં મંદરાચલ પર્વતનું વર્ણન કરતા કહે છે કે આ પર્વતથી જ દેવો અને દાનવોએ સમુદ્રનું મંથન કર્યું હતું.

तमङ्गदे मन्दरकूटकोटिव्याघट्टनोत्तेजनया मणीनाम् । 3

સુમેરુ પર્વત:-

મહાકવિ માઘ સુમેરુ પર્વતનું વર્ણન કરતા કહે છે કે, ભગવાન કૃષ્ણ જે સોનાના આસન પર બેઠા છે તે સુમેરુની સમાન સુશોભિત થઈ રહ્યું છે. સુમેરુ પર્વત પર જાંબુના વૃક્ષો જોવા મળે છે.

जिगाय जम्बूजनितश्रियः श्रियं सुमेरुशृङ्गस्य तदा तदासनम् । 4

રૈવતક પર્વત (ગિરનાર):-

મહાકવિ માઘને રૈવતક પર્વતથી ઘણો લગાવ હતો. તેમણે ચોથા સર્ગમાં રૈવતક પર્વતનું

1. शिशुपालवधम्, 2/5
2. शिशुपालवधम्, 3/4
3. शिशुपालवधम्, 3/6
4. शिशुपालवधम्, 1/19

વિસ્તારથી વર્ણન કર્યું છે. ચોથા સર્ગમાં ફક્ત રૈવતક પર્વતનું જ વર્ણન છે.

રૈવતક પર્વત આજે ગિરનાર પર્વતના નામથી વિખ્યાત છે, જે યાદવોનું ક્રીડાસ્થળ હતું. અહીં અશોક તથા રુદ્રદામનના શિલાલેખ મળેલ છે. પર્વત પર જૈન તથા બ્રાહ્મણ ધર્મના અનેક મંદિરો છે. ગુજરાતના જૂનાગઢમાં આ અવસ્થિત છે. 1

મહાકવિ માઘ રૈવતક પર્વતનું વર્ણન કરતા કહે છે કે, આ પર્વત અનેક વૃક્ષો, લતાઓ તથા નિર્મળ જળથી યુક્ત છે. રૈવતક પર્વત પર વાદળો પાણી વરસાવીને ચાતકોની તરસ દૂર કરે છે. વાદળો સૂર્યને આચ્છાદિત કરીને યુવક-યુવતીઓને માટે દિવસને રાત્રીમાં પરિણત કરી નાખે છે. રૈવતક સમશીતોષ્ણ છે, જ્યાં અકિંચનપણ ભારી ભરખમ પરિધાન વગર રહી શકે છે. અહીંયા ઇન્દ્રનીલ, સૂર્યકાન્ત તથા મરકત વગેરે મણિઓ પ્રચુર માત્રામાં મળી આવે છે.

વારંવાર જોવાયેલોએ રૈવતક પર્વત પહેલાં ક્યારેય જોયો ન હોય એ રીતે ભગવાન શ્રીકૃષ્ણના વિસ્મયને વધારી રહ્યો હતો.

दृष्टोऽपि शैलः स मुहुर्मुरारेरपूर्ववद्विस्मयमाततान । 2

યમુના નદી:-

મહાકવિ માઘે શિશુપાલવધના 'પ્રયાણ વર્ણન' નામના બારમા સર્ગમાં યમુના નદીનું અદ્ભુત વર્ણન કર્યું છે. યમુના જો કે સૂર્યની પુત્રી છે, તો પણ તેનું જળ શીતળ છે. યમુના યમરાજની બહેન છે, તો પણ તે લોકોને જીવનદાન આપવાવાળી છે. યમુનાનું જળ કાળું હોવા છતાં તે વધારે નિર્મળતારૂપી પોતાના જળથી પાપોનો વિનાશ કરવામાં સમર્થ છે.

या धर्मभानोस्तनयापि शीतलैः स्वसा यमस्यापि जनस्य जीवनैः ।
कृष्णापि शुद्धेरधिकं विधातृभिर्विहन्तुमंहांसि जलैः पटीयसी ।। 3

ગંગા નદી:-

મહાકવિ માઘે ગંગા નદીને 'ત્રિમાર્ગગા' કહી છે. શિવજીએ ગંગાના પ્રવાહને શિર પર ધારણ કર્યો હતો. ભગવાન વિષ્ણુએ આ જ જલપ્રવાહને પગથી ધારણ કર્યો હતો.

क्रियते धवलः खलूच्चकैर्धवलैरेव सितेतरैरधः ।
शिरसौघमधत्त शङ्करः सुरसिन्धोर्मधुजित्तमङ्घ्रिणा ।। 1

ગંગાનું જળ શીતળ હોય છે. તે અત્યધિક વેગની સાથે ઉંચા-ઉંચા પર્વતોને પાર કરતું નીચેની તરફ વહે છે.

अवनीभृतां त्वमपहाय गणमतिजडः समुन्नतम् ।
नीचि नियतमिव यच्चपलो निरतः स्फुटं स्वसि निम्नगासुतः ।। 2

ઋતુવર્ણન –

મહાકવિ માઘે શિશુપાલવધ મહાકાવ્યના છઠ્ઠા સર્ગમાં છ ઋતુઓનું મનમોહક વર્ણન કર્યું છે. ઋતુવર્ણન કાવ્યને રમણીયતા પ્રદાન કરે છે. રસોને વ્યક્ત કરવા માટે ઋતુવર્ણન જરૂરી હોય છે. ષડ્ઋતુ વર્ણનને લક્ષણકર્તાઓએ મહાકાવ્યના માટે જરૂરી બતાવ્યું છે. શિશુપાલવધ મહાકાવ્યમાં શ્રીકૃષ્ણ ભગવાનની રૈવતક પર્વત પર રોકાવાની ઇચ્છા જાણીને એમની સેવામાં ષડ્ઋતુઓનો એક સાથે ત્યાં પ્રાદુર્ભાવ થયો.

ભગવાન શ્રીકૃષ્ણએ નવા પર્ણોથી યુક્ત, પુષ્પસમૂહને સુગંધિત કરનાર વસંતઋતુને જોઈ. છઠ્ઠા સર્ગના 2 થી 21 શ્લોક, આમ 20 શ્લોકોમાં વસંતઋતુનું વર્ણન છે.

नवपलाशपलाशवनं पुरः स्फुटपरागपरागतपङ्कजम् ।

मृदुलतान्तलतान्तमलोकयत् स सुरभिं सुरभिं सुमनोभरैः ।।3

વસંતઋતુના વર્ણન પછી કવિ ગ્રીષ્મઋતુનું વર્ણન કરતા કહે છે કે, "ગ્રીષ્મઋતુના આગમનથી શિરીષ તથા નવમલ્લિકાના પુષ્પો ખીલી ઊઠ્યા." વર્ષાઋતુનું વર્ણન કરતા કહે છે

કે, "વર્ષાઋતુમાં ચમકતી વીજળી તથા ગર્જના કરતા વાદળોથી ભયભીત થનારી કામાર્તા સુંદરીઓ પોતાના

1. शिशुपालवधम्, 16/46
2. शिशुपालवधम्, 15/21
3. शिशुपालवधम्, 6/2

પ્રિયતમોની પાસે જવા લાગી, મયૂરો આનંદમાં આવી ગયા, નદીઓ વહેવા લાગી." શરદઋતુનું વર્ણન કરતા મહાકવિ એક સામાન્ય ઉક્તિ પણ આપે છે કે, "સમય કોઈપણને દુર્બળ અથવા પ્રબળ બનાવે છે." શરદઋતુમાં મોરની ધ્વનિ કઠોર થઈ ગઈ જ્યારે તે વર્ષાઋતુમાં મધુર હતી. હંસની ધ્વનિ જે વર્ષાઋતુમાં કઠોર રહેતી તે શરદઋતુમાં રમણીય થઈ ગઈ.

समय एव करोति बलाबलं प्रणिगदन्त इतीव शरीरिणाम् ।

शरदि हंसरवाः परुषीकृतस्वरमयूरमयू रमणीयताम् ।।[1]

હેમંતઋતુનું વર્ણન કરતા મહાકવિ કહે છે કે, "હેમંતના આગમનથી જળાશયોનું પાણી થીજી જવાથી ઓછું થઈ ગયું." શિશિરઋતુના આગમનથી સૂર્યના કિરણોનું તેજ મંદ પડી ગયું. આ પ્રકારે મહાકવિ માઘે છઠ્ઠા સર્ગમાં સમસ્ત ઋતુઓનું ભવ્ય આકર્ષક વર્ણન કરીને મહાકાવ્યની રસિકતા વધારી દીધી.

પ્રભાતવર્ણન –

મહાકવિ માઘનું શિશુપાલવધના અગિયારમા સર્ગનું પ્રભાતવર્ણન પોતાની સ્વાભાવિકતા તથા સરસતાને કારણે સાહિત્યિક સંસારમાં અદ્વિતીય સ્થાન ધરાવે છે. શિશુપાલવધનો આખો અગિયારમો સર્ગ પ્રાતઃકાલીન રંગબેરંગી દૃશ્યોને રજૂ કરે છે. મહાકવિએ એક પદ્યમાં પ્રાતઃકાલના વર્ણન પ્રસંગે પ્રકૃતિચિત્રણ દ્વારા જીવનના સુખ તથા દુઃખના પક્ષ તરફ પણ બારીક સંકેત કર્યો છે તે આ પ્રમાણે છે: "પોયણાનું વન શોભાહીન થઈ રહ્યું છે તો કમલસમૂહ શોભાસંયુક્ત છે. એક તરફ ધુવડ આનંદનો ત્યાગ કરી રહ્યું છે તો બીજીબાજુ ચક્રવાક પક્ષી પ્રસન્ન થઈ રહ્યું છે. સૂર્યનો ઉદય થઈ રહ્યો છે તો ચંદ્રમાનો અસ્ત થઈ રહ્યો છે. આશ્ચર્યની વાત તો એ છે કે હતભાગ્યની ક્રીડાઓનું પરિણામ અત્યંત વિચિત્ર હોય છે.

कुमुदवनमपश्रि श्रीमदम्भोजषण्डं त्यजति मुदमुलूकः प्रीतिमांश्चक्रवाकः ।
उदयमहिमरश्मिर्याति शीतांशुरस्तं हतविधिलसितानां ही विचित्रो विपाकः ॥2

સૂર્યાસ્ત વર્ણન -

શિશુપાલવધ મહાકાવ્યના નવમા સર્ગમાં મહાકવિ માઘે સૂર્યાસ્તનું વર્ણન સુંદર રીતે કર્યું છે. સૂર્યાસ્ત સમયે બીડાતી કમલલતા તરફ જોઈને કવિ કહે છે કે, 'જેમ કોઈ નાયિકા પોતાના

આગળ પ્રિયતમ સામે એકીટસે જોઈ રહે અને પછી એ જતો રહેતાં એના ગમનની દિશા તરફ પણ જોવામાં

1. शिशुपालवधम्, 6/441.
2. शिशुपालवधम्, 11/64

દુઃખી થઈ અશ્રુજલયુક્ત કમળ જેવાં પોતાનાં નેત્રોને બંધ કરી દે, તેવી આ કમલલતા પોતાના પ્રિયતમ સૂર્યને બહુ સમય સુધી (સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી જોઈ રહીને, હવે એ સૂર્ય જતો રહેતાં એ દિશા તરફ જોવામાં પણ દુઃખી થતી) ભ્રમરસમૂહ રૂપ અશ્રુજળથી યુક્ત પોતાનાં કમલરૂપ નેત્રોને બંધ કરી રહી છે.

अभितिग्मरश्मि चिरसा विरमादवधादखिन्नमनिमेषतया ।
विगलन्मधुव्रतकुलाश्रुजलं न्यमिमीलदब्जनयनं नलिनी ॥1

સમુદ્ર વર્ણન -

મહાકવિ માઘે શિશુપાલવધ મહાકાવ્યના ત્રીજા સર્ગમાં શ્લોક 70 થી 82 સુધી સમુદ્રનું અદ્ભુત વર્ણન કર્યું છે. કવિ વર્ણન કરતા કહે છે કે, 'એ શ્રીકૃષ્ણ ભગવાને ભૂમિ પર ફેલાયેલા, મોટો અવાજ કરનારા, ચંચળ બાહુઓની સમાન વિશાળ તરંગોવાળા, નદીઓના પતિ સમુદ્રને જોયો.

आश्लिष्टभूमि रसितारमुच्चैर्लोलद्भूजाकारबृहत्तरङ्गम् ।
फेनायमानं पतिमापगानामसावपस्मारिणमाशशङ्के ।। 2

આ પ્રમાણે મહાકવિ માઘે પ્રાકૃતિક વિષયોમાં પર્વત, સાગર, સરોવર, વન વગેરેનું તથા આકાશી ઘટનાઓમાં સૂર્યોદય, ચંદ્રોદય, પ્રદોષકાલ, પ્રભાત, સંધ્યા, ઋતુઓ ઇત્યાદિનું આબેહૂબ વર્ણન શિશુપાલવધ નામના મહાકાવ્યમાં કર્યું છે. મહાકાવ્યની ઉત્કૃષ્ટતાનું મુખ્ય કારણ છે એમાં આવતાં અતિશય સરસ વર્ણનો. આ વર્ણનો અત્યંત સજીવ અને પ્રભાવશાળી છે, જેને માણતાં માનવમાત્રને પ્રકૃતિ તરફ સહજ લગાવ થાય છે.

પર્યાવરણીય સંરક્ષણનો બોધ –

શિશુપાલવધ મહાકાવ્યના પ્રકૃતિવર્ણનો પરથી જ્ઞાત થાય છે કે 'घण्टाकविः' ઉપાધિથી વિભૂષિત મહાકવિ માઘ પોતે પ્રકૃતિના કેટલા નિકટવર્તી રહ્યા હતા. એક-એક પ્રકૃતિવર્ણન એમણે ભોગવેલું હોય એવી પ્રતીતિ થાય છે, આથી એમનામાં ઉપમા, અર્થગૌરવ અને પદલાલિત્યની ત્રિવેણી સમાહિત થયેલી જોવા મળે છે.

1. शिशुपालवधम्, 9/11
2. शिशुपालवधम्, 3/72

આ મહાકાવ્યનો મુખ્ય આધાર મહાભારતના સભાપર્વની કથા અને શ્રીકૃષ્ણ દ્વારા શિશુપાલનો વધ છે, જેમાં વીર અને રૌદ્ર રસ મુખ્ય છે. છતાં, મહાકવિ માઘે કાવ્યમાં જે વિસ્તૃત અને જીવંત પ્રાકૃતિક નિરૂપણ કર્યું છે, તે માત્ર કાવ્યના શણગાર પૂરતું સીમિત ન રહેતાં માનવ અને પર્યાવરણ વચ્ચેના અવિભાજ્ય સંબંધ અને સંરક્ષણનો ગહન બોધ પ્રગટ કરે છે. જેમ કે,

1. <u>રૈવતક (ગિરનાર) પર્વતનું નિરૂપણ અને જૈવવિવિધતાનું દર્શન</u> –

કાવ્યના ચોથા સર્ગમાં રૈવતક પર્વતનું અદ્ભુત અને વૈવિધ્યસભર વર્ણન મળે છે. માઘ પ્રકૃતિને કોઈ નિર્જીવ પથ્થર કે સ્થળ તરીકે નહીં, પરંતુ એક સજીવ અને ધબકતી વ્યવસ્થા (Ecosystem) તરીકે જુએ છે:

* વનસ્પતિ સંપત્તિ: તમાલ, ચંદન, કદંબ, કેતકી અને અર્જુન જેવાં વિવિધ વૃક્ષો, લતાઓ અને ઔષધિઓનું વર્ણન દર્શાવે છે કે જંગલો પૃથ્વીની સમૃદ્ધિનું મૂળ છે.

* પ્રાણીસૃષ્ટિનું સંરક્ષણ: સિંહ, ગજ (હાથી), હરિણ, ભ્રમર અને મયૂર જેવાં પશુ-પક્ષીઓ પોતાના પ્રાકૃતિક આવાસમાં મુક્તપણે વિચરે છે. માઘ અહીં વન્યજીવોના આવાસને અક્ષુણ્ણ રાખવાની આવશ્યકતા તરફ અંગુલિનિર્દેશ કરે છે.

* શિશુપાલવધ મહાકાવ્યના એક શ્લોકમાં સૂર્ય અને ચંદ્રને પર્વતરૂપી હાથીના બે ઘંટ સાથે સરખાવીને તેમણે 'घण्टामाघः'નું બિરુદ મેળવ્યું, જે સમગ્ર બ્રહ્માંડ અને પ્રકૃતિની ભવ્ય એકતાનું દર્શન કરાવે છે.

2. <u>ઋતુચક્ર અને જળસંચયની સંવેદના -</u>

છઠ્ઠા સર્ગમાં પ્રસ્તુત ષડઋતુ વર્ણન (વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત, શિશિર) પર્યાવરણીય સંતુલનનો ઉત્તમ દસ્તાવેજ છે:

* ઋતુસંતુલનનો સંદેશ: પ્રકૃતિનું ચક્ર જો પોતાના નિયત સમયે ન ચાલે તો સમગ્ર સૃષ્ટિ સંકટમાં મુકાય છે. માઘ દરેક ઋતુના આગમન સાથે ભૂમિ, જળ અને વાયુમાં થતા સૂક્ષ્મ પરિવર્તનોને બારીકાઈથી આલેખે છે.

* જળસ્રોતોનું મહત્વ: નદીઓ (ખાસ કરીને યમુના,ગંગા), સરોવરો અને ઝરણાંઓના નિર્મળ જળનું વર્ણન એ વાતનો બોધ કરાવે છે કે જળ એ જ જીવનનો આધાર છે. જળાશયોનું પ્રદૂષણમુક્ત અને પવિત્ર રહેવું સજીવોના અસ્તિત્વ માટે અનિવાર્ય છે.

3. <u>'ઇકો-સેન્ટ્રિક' (પ્રકૃતિકેન્દ્રી) દ્રષ્ટિકોણ -</u>

આધુનિક પર્યાવરણ વિજ્ઞાન બે દ્રષ્ટિકોણની વાત કરે છે: એન્થ્રોપોસેન્ટ્રિક (માનવકેન્દ્રી — પ્રકૃતિ માત્ર માનવના ભોગ માટે છે) અને ઇકો-સેન્ટ્રિક (પ્રકૃતિકેન્દ્રી — તમામ જીવો સમાન છે).

* શિશુપાલવધમાં માઘે દર્શાવ્યું છે કે વૃક્ષો અને લતાઓ માત્ર છાંયડો કે ફળ આપવા પૂરતાં નથી, પરંતુ તેમની પોતાની એક ચેતના છે. લતાઓ વૃક્ષને આલિંગન આપે છે, ભ્રમરો પુષ્પો સાથે સંવાદ સાધે છે.

* માનવીય ગતિવિધિઓ (જેમ કે સૈન્યની કૂચ કે છાવણી) વચ્ચે પણ પ્રકૃતિના સૌંદર્યને ક્ષતિ પહોંચાડવાને બદલે તેના સાન્નિધ્યમાં શાંતિ શોધવાની વાત આડકતરી રીતે પ્રકૃતિ સાથેના અહિંસક સહઅસ્તિત્વનો ઉપદેશ આપે છે.

4. <u>સમકાલીન સંદર્ભમાં પ્રસ્તુતતા -</u>

આજના ગ્લોબલ વૉર્મિંગ, જંગલોના નિકંદન અને ઋતુચક્રની અનિયમિતતાના યુગમાં 'શિશુપાલવધ'નું પ્રાકૃતિક દર્શન અત્યંત પ્રાસંગિક છે:

પ્રાચીન નિરૂપણ (માઘ)	આધુનિક પર્યાવરણીય બોધ
રૈવતકનું વનવૈવિધ્ય	જૈવવિવિધતા (Biodiversity)નું જતન અને સંરક્ષણ
ષડઋતુ સંવાદિતા	આબોહવા પરિવર્તન (Climate Change) અટકાવવું
નિર્મળ જળાશય વર્ણન	જળસંચય અને જળપ્રદૂષણ નિવારણ
પ્રકૃતિમાં ચેતનાનું દર્શન	દોહનના સ્થાને પોષણ (Sustainable Living)

ઉપસંહાર –

શિશુપાલવધ મહાકાવ્યના સમયથી આજ સુધી ટકીરહેલા કુદરતી વારસા આજે પ્રદૂષણ જેવા સંકટ સામે ઝઝૂમી રહ્યા છે. ભારતીય બંધારણની કલમ 51A(g) મુજબ નદીઓ અને પર્યાવરણનું રક્ષણ કરવું એ દરેક નાગરિકની મૂળભૂત ફરજ છે. જ્યારે ધરતીના મુખ્ય ઘટક પર્વતો અને નદીઓમાં વિકૃતિઓ પેદા થવા લાગશે તો જીવન જીવવા માટે મુશ્કેલી ઊભી થઈ શકશે. આથી આવી વિકૃતિથી બચવા માટે આપણા ઋષિઓ, શાસ્ત્રકારો તથા મહાકવિઓએ માનવોને સચેત કરતા પર્વતો અને નદીઓને દેવતુલ્ય માન્યા અને વૈદિક જીવનધારામાં જીવવાની સલાહ આપી.

શિશુપાલવધ'માં પ્રકૃતિ માત્ર એક પૃષ્ઠભૂમિ (Background) નથી, પરંતુ એક જીવંત પાત્ર સમાન છે. મહાકવિ માઘનું આ પ્રાકૃતિક નિરૂપણ ભારતીય સંસ્કૃતિના એ મૂળ વિચારને પુનઃસ્થાપિત કરે છે કે "જો આપણે પ્રકૃતિનું રક્ષણ કરીશું, તો પ્રકૃતિ આપણું રક્ષણ કરશે."

સંદર્ભ-ગ્રંથ સૂચિ

1. डॉ. अशोकचंद्रगौडशास्त्री, शिशुपालवधरहस्यम्, चौखम्बा सुरभारती प्रकाशन, वाराणसी

2. माघ, शिशुपालवधम्, न्यू भारतीय बुक कोरपोरेशन, नई दिल्ली, 2021

3. माघ, शिशुपालवधम्, चौखम्बा सुरभारती प्रकाशन,वाराणसी, 2019

4. डॉ. उमाशङ्कर शर्मा 'ऋषि', संस्कृत साहित्य का इतिहास, चौखम्बा भारती अकादमी, वाराणसी, 2023

5. माघ, शिशुपालवधम्, चौखम्बा विद्याभवन, वाराणसी, 2021

6. माघ,शिशुपालवधम्,युनिवर्सिटी ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, 2001

7. माघ, शिशुपालवधम्, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ, 1997-98